૭૮૬ / ૯૨

હમ્દ — નાઅત

“વસ્લ કે અસ્બાબ પૈદા હો તેરી તેહરીર સે
દેખ કોઈ દિલ ન દુઃખ જાએ તેરી તકરીર સે”
—અલ્લામા ઈકબાલ.

# અલ્લાહની રસ્સી

## એટલે

# દામને રસૂલ

( સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ )


—: સંપાદક :—
પીરઝાદા સૈયદ દાદામિયાં શમ્સુદ્દિન કાદરી સાહેબ
મુ. રૂપાલ
વાયા : બાવલા • જિ. : અમદાવાદ



—: પ્રકાશક :—
સુન્ની મુસ્લિમ કમિટી
વોરા શેરી,
ગોંડલ-૩૬૦૩૧૧

યા રસૂલલ્લાહ અલ મદદ ! ★ ૭૮૬ / ૯૨ ★ યા ગૌસ અલ મદદ !

હૈદરી કમિટી (સુન્ની) રાજકોટ
સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલનું
(સંયુકત પ્રકાશન)

# અલ્લાહની રસ્સી
એટલે
# દામને રસૂલ

(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)

-: પ્રકાશક :-

**સુન્ની મુસ્લિમ કમિટી**

ઠે. વોરા શેરી, ગોંડલ. (સૌરાષ્ટ્ર) ૩૬૦૩૧૧

રબ્બીઉલ અવ્વલ હી. ૧૪૧૦ * ઓકટોમ્બર ૧૯૮૯

પ્રત : ૫૦૦૦ ■ ઈશાઅત નં. ૧૫૧

મફત મેળવો.

વાત આરંભુ છું લઈને એનું નામ,
જેની બરકતથી ન અટકે કોઈ કામ;
છે દયાળુ ને કૃપાળુ એ ખુદા,
એના પયગમ્બર ઉપર લાખો સલામ.

બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ.

વાતસેમુ બે હબલિલ્લાહે જમીઅંવ વલા તફર્રકુ વઝકુરૂ નેઅમતલ્લાહે અલયકુમ ઈઝ કુનતુમ આઅદાઅ ફઅલ્લફ બયન કોલુબુકુમ ફઅસબહતુમ બેનેઅમતેહી ઈખ્વાના.

[પારા ૪, રૂકુઅ ૨.]

અર્થાતઃ-અને અલ્લાહની રસ્સીને મજબુતીથી તમો સૌ એકઠા થઈને પકડી રાખો અને પરસ્પર ભેદ ના પાડો એટલે છિન્નભિન્ન ન થઈ જાવ. અને અલ્લાહના તે ઉપકારને યાદ કરો કે જ્યારે તમો અંદરોઅંદર એકમેકના દુશ્મન હતા અને અલ્લાહે તમારા દિલોમાં પ્રેમ-મહોબ્બતથી મેળ-મિલાપ કરાવી દીધો અને તેની કૃપાથી તમો એક બીજાના ભાઈ ભાઈ બની ગયા.

તફસીરઃ-હબલિલ્લાહ એટલે અલ્લાહની રસ્સી બાબતે તફસીરવેત્તાઓમાં મતભેદ વર્તાય છે. કેટલાકનું તારણ એ છે કે હબલિલ્લાહથી કુર્આન શરીફ ભાવાર્થ લેવાનો છે. જેણે કુર્આનેપાકની ઈત્તેબા (અનુસરણ) કરી તે હિદાયત

ઉપર છે. અને જેણે કુર્આનેપાકની ઈત્તેબા ના કરી તે ગુમરાહી પર છે. (પથભ્રષ્ટ છે.) હઝરત ઈબ્ને મસઉદ (રદીયલ્લાહોઅન્હો)થી રિવાયત છે કે હબલિલ્લાહથી મુરાદ (ભાવાર્થ) જમાઅત થાય છે. જમાઅતને લાઝીમ (ફરજીયાત) કરી લો. અહીં નમાઝમાં જે જમાઅત થાય છે તેની તરફ ઈશારો છે. જેમ યહુદીઓ અને ઈસાઈયો વહેંચાઈ ગયા તેમ તમો પણ એવા કૃત્યોથી બચો જેની તમારા માટે મનાઈ ફરમાવી છે કે જે મુસલમાનોમાં અંદરોઅંદર ઝગડાઓનું કારણ બનતા હોય છે. અહેલે સુન્નત વ જમાઅત જ મુસલમાનોમાં અસલ તરીકો છે. એના સિવાય અન્ય તરીકા ગ્રહણ કરવા એ અંદરોઅંદર ફુટફાટ (કુસંપ) પાડવાનું કારણ બનતા હોય છે, જે મના છે. સાચેજ ઈસ્લામના કારણે જ તમારામાંથી અદાવત દૂર થઈ અને તમારામાં પરસ્પર પ્રેમ (સ્નેહ) જાગ્યો.

[તફસીર ખઝાઈનુલ ઈરફાન]

તફસીરે કાદરીના કર્તા આ આયતની તફસીરમાં લખે છે કે હબલિલ્લાહથી મુરાદ દીને ઈસ્લામ છે અથવા કુર્આનેપાક કે રસુલુલ્લાહ (સલલ્લાહો અલયહે વ સલ્લમ)ની ઈત્તેબા (અનુસરણ) છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, તમો સૌ ભેગા મળીને રસૂલની ઈત્તેબાનો દામન ખુબ મજબુતીથી પકડી રાખો અને એમની ઈત્તેબા (ફરમાબરદારી]માં જ તમારી ફલાહ (ભલાઇ) છે. જ્યાં સુધી તમો જાહીર અને બાતીનમાં રસુલ (સલલ્લાહો અલયહે વ

સલ્લમ)ની ઈત્તેબા પાબંદીથી નહીં કરો કદાપી મંઝીલે મકસુદ પર નહીં પહોંચો. (તફસીરે કાદરી ભાગ ૧ પા. ૧૨૨) રસુલુલ્લાહ (સલલ્લાહો અલયહે વ સલ્લમ)ની ફરમાબરદારીનું દામન પકડવામાં તમો સૌ ભેગા રહો અને ખુબ મજબુતીથી એટલે હંમેશાં પુરેપુરી ઈતાઅત એક સાથે રહીને (સંપથી) કરો. જો તમો વિખુટા પડી જશો અને તમારા હાથોથી દામને રસુલ છુટી જશે. (હુઝુરની પૈરવી છોડી દેશો) તો તમો જરૂર નુકશાનમાં છો. હઝરત શયખ સાઅદી (રહમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે,

"ખિલાફે પયંબર કસે રા ગઝીદ
કે હરગીઝ બમંઝીલ નખ્વાહદ રસીદ"

તૌહીદ અને રિસાલતનો મઝહબ ઈસ્લામ છે. તેના દરેક અહેકામમાં એકતા અને સંપનો સબક છુપાયેલો છે. આવો આપણે પ્રથમ હબ્લિલ્લાહ (અલ્લાહની રસ્સી) કુર્આનેમજીદમાં પ્રયોગ પામેલ શબ્દ 'રસ્સી)ને જ સમજીએ. રસ્સી એટલે દોરડું. આ દોરડું પોતે તેની જાતથી અમોને શિખામણ આપી રહ્યો છે. દોરડાના અસ્તિત્વ પર ઉંડો વિચાર કરીએ તો આ રસ્સી (દોરડું) અમને હળીમળીને એકતા કાયમ કરવાનો આદેશ આપતો નજરે પડે છે. દોરડું ઘણા નાના નાના અતિ નાજુક તાંતણાંઓથી બનેલું હોય છે. સાવ નાજુક તાંતણાં જેને એક નાનું બાળક ટચલી આંગળી વડે ખુબ સરળતાથી તોડી શકે છે. એજ તાંતણાંઓ જ્યારે એક બીજાથી જોડાઈ જાય છે, સમુહમાં સંકળાઈ જાય

છે, ત્યારે મજબુત દોરી બને છે. અંતે તેવી અનેક દોરીઓ ભેગી થાય છે તો ખુબજ શકિતશાળી કદાવર દોરડાનું સ્વરૂપ ધારણ કરે છે. અને હવે આ દોરડું મહાન પહેલવાનથી તોડવું પણ મુશ્કેલ બને છે. સારાંશ આ દોરડા પરથી અમને એ જ સબક મળે છે કે તમો પણ વિખરાયેલા તાંતણાઓની જેમ રહેશો તો તદ્દન કમજોર દુશ્મન તમને ખતમ કરી શકે છે. પણ તમો સૌ ભેગા થઈ એક સમુહમાં આવી જાવ (દોરડા જેવું સ્વરૂપ ધારણ કરો) તો ગમે તેવો શકિતશાળી પહેલવાન પણ તમને કંઈજ નહિં કરી શકે. દોરડામાં અગર કોઈ શક્તિ અને પાવર છે તો તે ફક્ત પેલા નાજુક તાંતણાઓની એકતા અને સમુહ શકિતનો પાવર છે. જે સારામાં સારા પહેલવાનને મહાત કરે છે, હરાવી દે છે.

**"ઈન્સાન જો ઈમાનકી સરહદ પે ઠહર જાએ**
**દુનિયા ભી સંવર જાએ, ઉકબા ભી સંવર જાએ."**

વહાલા ઈમાની રિશ્તેદારો ! અલ્લાહપાક આપણને કુરઆને મજીદમાં એજ આદેશ આપી રહ્યો છે કે તમો સૌ ભેગા મળીને અલ્લાહની રસ્સીને મજબુતીથી પકડી લો જેથી કરીને ગમે તેવો દુશ્મન તમારા ઉપર હુમલો કરે પણ નિષ્ફળ જ જાય. ઈસ્લામના ઉદયકાળનો ઈતિહાસ આજે પણ સાક્ષી પુરી રહ્યો છે કે હિજરી સન બે માં જંગે બદરનાં ગણ્યાં ગાઠયાં મુસલમાનો આર્થિક રીતે સાવ બેહાલ છતાં અલ્લાહની રસ્સી એટલે દામને રસૂલ (સલલ્લલાહો અલયહે વ સલ્લમ)ને એવી રીતે મજબુત પકડી હતી કે ૩૧૩

ઇમાનવાળા કે જેમની પાસે પુરતા સાધનો અને પુરતા હથિયારો પણ ન હતા. સવારીના પુરતા સાધનો પણ ન હતા, પુરતા કપડાં કે અનાજ પણ ન હતું તેવા ૩૧૩ વીરલા અલ્લાહના ભરોસે જ્યારે મેદાને બદરમાં કુદી પડે છે તો ૧૦૦૦નું સશસ્ત્ર, મજબુત, કસાયેલ, તાલીમબદ્ધ લશ્કર નાસીપાસ થાય છે. બલ્કે તેમને ધુળ ચાટતા કરી દે છે. ઇસ્લામનો ઝંડો (પરચમ) ફતેહના ડંકા સાથે બુલંદ થાય છે. ૧૦૦૦ની સામે ૩૧૩નો વિજય એ મહાન ચમત્કારની પાછળ દામને રસુલની મજબુતીથી પકડનું પરિણામ છે. વિજય એનો જ થાય છે. **જેના દિલમાં હોય મહોબ્બતે રસુલ, જેના હાથોમાં હોય દામને રસુલ, જેના અમલમાં હોય ફરમાને રસુલ.**

આપો આજની પરિસ્થિતિનો વિચાર કરીએ કે આજે મુસલમાનો કરોડોની સંખ્યામાં છે. માલ દૌલતવાળા છે. લશ્કર અને હુકુમતવાળા છે. તેલના ભંડારોના માલિક છે. પણ હાય અફસોસ ! કે મુઠ્ઠીભર યહુદીઓ પાસેથી કિબ્લએ અવ્વલ (મસ્જીદે અકસા) મેળવી શકતા નથી. બલ્કે મુઠ્ઠીભર યહુદીઓ માલેતુજ્જાર આરબોને શરમજનક હાર આપી રહ્યા છે તેનું કારણ શું ? જવાબ ફક્ત એકજ છે કે આજના મુસલમાનોની અંદરોઅંદરની લડાઈ એટલે કે તેમનામાં રહેલો સંપનો અભાવ, ભૂતકાળની જેમ મુસલમાનો સંપ અને સુલેહ માર્ગ અપનાવી લે તો આજે પણ ચમત્કાર સર્જી શકે છે. ફક્ત જરૂર છે આકાએ નામદાર મદની તાજદાર (સલલ્લલાહો

અલયહે વ સલ્લમ)ની ફરમાબરદારી કરવાની, દામને રસુલને પકડી રાખવાની. અલ્લામા ઈકબાલ ફરમાવે છે. કે,

**'આજ ભી હો ગર ઈબ્રાહીમકા ઈમાં પૈદા**
**આગ કર શકતી હૈ અંદાઝે ગુલીસ્તાં પૈદા'**

દામને રસુલ પકડનાર (મુસલમાન)ની તારીફમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે **'રોહમાઓ બયનહુમ'** અર્થાતઃ- તેઓ પરસ્પર રહેમ દિલ હોય છે. દયા અને પ્રેમ રાખનારા હોય છે. એક મુસ્લિમને બીજા મુસ્લિમ પ્રત્યે એવો અગાઢ પ્રેમ હોવો જોઈએ કે જે પોતાના માટે પસંદ કરે તેજ પોતાના ભાઈ (મુસ્લિમ) માટે પણ પસંદ કરે. પોતાની જાતને મુસલમાન સમજનાર પોતાને આશીકે રસુલ કહેવડાવનાર રસુલનો દામન નહીં છોડવાનો નારો લગાવનાર હુઝુરની આ હદીષને પણ જરૂર યાદ રાખે. **'લા યુમેનો અહદુન હત્તા યોહિબ્બો બે અખી હે મા યોહિબ્બો લે નફસેહી'** (બુખારી અને મુસ્લિમ) અર્થાત તમારામાંથી કોઈ બંદો પરિપૂર્ણ ઈમાનવાળો થઈ શકતો નથી જ્યાં સુધી તે પોતાના ભાઈ માટે તે વસ્તુ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરે. એક બીજી હદીષમાં હુઝુરે એમ પણ ફરમાવ્યું કે, **'અલ મુસ્લિમો મન સલેમલ મુસ્લેમુના મીન લેસાનેહી વ યદેહી'** (બુખારી અને મુસ્લીમ) અર્થાત કામિલ મુસ્લિમ તે છે જેની જીભ અને હાથથી મુસલમાન સુરક્ષિત રહે અને અન્ય એક હદીષમાં હુઝુર એમ પણ ફરમાવે છે કે, **'લા**

**મુદખેલુલ જન્નત કાતેઅર્રહમે'** (બુખારી અને મુસ્લીમ) અર્થાત સગપણ (સગાઇ)ને તોડી નાખનાર જન્નતમાં દાખલ થઈ શકશે નહિં.

ઉપરોકત ત્રણે હદિષો મુસલમાનની ઓળખ કરાવે છે. પરિપૂર્ણ ઇમાનવાળો મુસલમાન તેજ છે જે પોતાનું સારૂ ઇચ્છે એમ પોતાના ભાઈનું પણ સારૂ ઇચ્છે. પોતાના માટે જે પસંદ કરે એજ પોતાના ભાઈ માટે પસંદ કરે. મતલબ કે એક ભાઇને બીજા ભાઈ પ્રત્યે એવો પ્રેમ હોવો જોઇએ કદાપી એકબીજા માટે બુરૂ ન ઇચ્છે. બીજી હદિષમાં આપણે જોયું કે કામિલ એટલે શ્રેષ્ઠ મોમીન તે છે જેના હાથથી અને જીભથી મુસલમાન સુરક્ષિત (સલામત) રહે. હાથથી એટલે મારામારી ના કરવી, ભાઇના વિરૂદ્ધ હાથ વડે થતા તમામ એવા કામોથી બચવું જે મુસલમાનોને નુકશાન પહોંચાડતા હોય. કલમ પણ આપણા ભાઈને નુકશાન પહોંચાડે તેવી હરગીઝ ના ચલાવો. જીભ પણ ભાઈ માટે બુરૂ બોલવા ના વાપરો. ભાઈ વિરૂદ્ધ ખોટી ગવાહી (સાક્ષી) આપવી, ગીબત (કુંથલી) કરવી વિગેરે જીભથી થતા તમામ બુરા કામોથી બચવું જોઈએ જે ખરેખર નુકશાનકારક છે. સારાંશ કે તકરીર (પ્રવચન) અને તેહરીર (લેખનવૃતિ) બન્ને એવા હોવા જોઈએ જે એકતા સંપ ઉભો કરે. મુસલમાનોને એક અને નેક બનાવે તેવી તેહરીર હોવી જોઈએ. ડૉ. ઇકબાલ સાહેબનો સરસ શએર છે.

**'વસ્લકે અસ્બાબ પૈદા હો તેરી તેહરીર સે**
**દેખ કોઈ દિલ ન દુઃખ જાયે તેરી તકરીર સે.'**

એવું સાહિત્ય ના વાંચો અને તેને પ્રોત્સાહન પણ ના આપો જે સાહિત્ય અમારા અંદર ફુટફાટ (કુસંપ) પાડતો હોય અને એવી તકરીર પણ ના સાંભળો. એકભાઈને બીજાભાઈથી જુદા કરી દેતી હોય. ત્રીજી હદિષમાં આપણે જોયું કે સગાઈ (સંબંધ-રિશ્તા) તોડનાર જન્નતમાં દાખલ થવાનો નથી. આજે આપણે નજીવી બાબતમાં પોતાના ભાઈઓથી રિસાઈને સંબંધ તોડી નાખીએ છીએ. સારા નરસા પ્રસંગોમાં ભાઈ ભાઈને ત્યાં જતો નથી. આમ કરીને આપણે ખુદા અને રસુલે ખુદાની નારાજગી વહોરી લઈએ છીએ અને જેનાથી ખુદા અને ખુદાનો રસુલ નારાજ હોય તેવા કોઈ કામમાં બરકત કે મજા રહે ખરી ? ખરેખર આપણે ઈસ્લામના દરેક અહેકામને ઉંડાણથી જોઈશું તો તેની દરેક બાબતમાં સંપ અને સુલેહ આપણને બોધ આપવામાં આવ્યો છે. પછી તે નમાઝ હોય, હજ્જ હોય કે ઝકાત હોય કે અન્ય કોઈ પણ અહેકામે ઈસ્લામ હોય. દરેકમાં એકતાનો, સંપનો સબક છુપાયેલો છે.

**એકહી સબકા નબી, દીન ભી, ઈમાનભી એક,**
**હરમે પાક ભી, અલ્લાહ ભી, કુર્આન ભી એક,**
**કુછ બડી બાતથી, જો હોતે મુસલમાન ભી એક.**

ઈસ્લામી ઈમારતનો પાયો બંધુત્વભાવના અને એકતાના

ઉચ્ચ આદર્શોની ઈંટોથી ચણાયેલો છે એટલે જ તો આજે આખાય જગતમાં જેટલા મોટા ધર્મો છે તેમા ઈસ્લામ સૌથી મોખરાનું સ્થાન ધરાવે છે. છેલ્લી ૧૪ સદીઓથી ઈસ્લામે માનવીને સાચા અર્થમાં માનવ બનાવવા માટે, એક માનવી બીજા માનવીનો ભાઈ છે એવી ઉન્નત ભાવના કેળવવા અર્થે અવિરતપણે કોશીશ કરી છે. દુનિયાના જુદા જુદા રાજકિય વાડાઓ વચ્ચે પણ ઈસ્લામે પોતાની મઝહબી એકતા અને સંપ યથાવત જાળવી રાખ્યો છે અને એક વિશ્વધર્મ તરીકે મહત્વ પ્રાપ્ત કર્યું છે.

ઈસ્લામની આ પ્રગતિ પાછળ મુખ્ય બે બાબતોએ સૌનું ધ્યાન દોર્યું છે. એક તો ખુદા એ પાકના પવિત્ર કલામ કુરઆને મજીદની પવિત્ર આયતો અને બીજું પયગમ્બરે ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નું પ્રત્યક્ષ આચરણ.

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલાનું ફરમાન છે કે, **'વઝકુરૂ નેઅમતલ્લાહે અલયકુમ ઈઝકુન્તુમ અઅદા અનફઅલ્લફ બયન કોલુબેકુમ ફઅસબહતુમ બે નેઅમતેહી ઈખવાના'** (અર્થાત અલ્લાહના તે અહેસાન (ઉપકાર)ને યાદ કરો કે તમો એકમેકના અંદરોઅંદર દુશ્મન હતા, અલ્લાહે તમારા દિલોને જોડી દીધા અને પછી એની કૃપાથી તમો ભાઈ ભાઈ બની ગયા.)

પયગમ્બરે ઈસ્લામ આ આયાતને વારંવાર કેહતા અને લોકોને સુલેહ સંપથી રહેવા હંમેશા આગ્રહ કરતા,

આકસ્મિક



પરિણામ એ આવવા લાગ્યું કે, લોહી, સગાઈ, કૂળ, જ્ઞાતિ વિગેરેની જે વાડાબંધીઓ હતા તે તમામ દૂર થઈ અને ફકત એક કલ્મો **લાઈલાહા ઈલ્લલ્લાહો મોહમ્મદુર્રસુલુલ્લાહ** પઢનાર એક બીજાનો ભાઈ છે. તેવી આકસ્મિક બંધનની લાગણી વિજળીવેગે દુનિયામાં ફેલાઈ ગઈ અને દુનિયાના કોઈ પણ ખુણામાં વસ્તા મુસલમાનને પોતાના બીજા મુસલમાન ભાઈ પ્રત્યે અનોખી ભ્રાતૃભાવના ઉત્પન્ન થઈ.

હિજરત પછી પણ પયગમ્બરે ઈસ્લામ હુઝુર (સલલ્લલાહો અલયહે વસલ્લમે) મુહાજિરો (આશ્રિતો) અને અન્સારો વચ્ચે જે ભ્રાતૃભાવ અને મિલનસારી સ્થાપી તે ખરેખર ઈતિહાસમાં અજોડ છે. જ્યારે આપના પવિત્ર મુખેથી પુનિત વાણી સરી **'ઈન્નમલ મુઅમેનુન ઈખ્વાહ'** એટલે તમારા મુસ્લિમો પરસ્પર ભાઈ ભાઈ છે. એવી સાંભળી તો અન્સારો એ મુહાજિરોની એટલી મદદ કરી કે જેનો જોટો મળવો મુશ્કેલ છે. ભાઈની અજોડ લાગણીનો સૌથી ઉત્તમ નમુનો તો એ હતો કે અન્સારીએ પોતાની બે પત્નિમાંથી એકને તલ્લાક આપીને પોતાના ભાઈના નિકાહમાં આપી હતી. આવી ઉદાર દરિયા દિલી અને ભવ્ય બંધુત્વભાવના ઈસ્લામ સિવાય બીજે ક્યાંય મળશે નહિં.

એકવખત ઈસ્લામના મહાન નબીયે કરીમે (સલલ્લલાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું હતું કે એક માણસ જ્યાં સુધી પોતાના માટે પસંદ કરેલ વસ્તુ પોતાના ભાઈ માટે પસંદ કરતો નથી ત્યાં સુધી એ સાચો ઈન્સાન નથી.

એકવાર આપને પુછવામાં આવ્યું કે, કયા કામ કરવા સૌથી શ્રેષ્ઠ છે ? જવાબમાં આપે ફરમાવ્યું કે, (૧) કોઈના દિલને ખુશ કરવું. (૨) ભુખ્યાઓને ખવડાવવું. (૩) મઝલુમો (ત્રાસિતો)ની મદદ કરવી. (૪) ચિંતાગ્રસ્તોની ચિંતા દૂર કરવી. (૫) બિમારોની સારવાર કરવી.

ફરી વાર આપને પુછવામાં આવ્યું કે અલ્લાહને સૌથી વધુ પસંદ હોય એવો માણસ કોણ છે ? આપે જવાબમાં ફરમાવ્યું કે "જેના હાથે માનવોને વધુ લાભ મળે."

પયગમ્બરે ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ત્રણે વસ્તુઓના બાની (સ્થાપક) ગણાય છે. એક આપે, એક કૌમને તૈયાર કરી, આપે એક સલ્તનત કાયમ કરી, આપે એક દિન (ધર્મ)ને સંપૂર્ણપણે સ્થાપિત કર્યો. આપનું વ્યકિતત્વ અને આપની પ્રતિભા આ ત્રણે બાબતનું કેન્દ્ર ગણાય છે. અશાંતી, અંધાધૂંધી, પાપાચાર અને ગેરકાનુની મુલ્કવાળા પ્રદેશમાં આપે એક અપ્રતિમ અજોડ સુખ-શાંતી, એકતા અને કાયદા કાનુનની શાનદાર ઈમારત એટલે ઈસ્લામને કાયમ કર્યો.

પયગમ્બરે ઈસ્લામના ઉપદેશો, સેવા, સહિષ્ણુતા, ત્યાગ, સાદગી, જેવા ઉત્તમ ગુણો ઈન્સાન અને ઈસ્લામી બંધુત્વના નક્કર પાયા પર સ્થાપેલા છે. અલ્લાહના અંતીમ રસૂલે માનવતાના નિષ્પ્રાણ અને નિશ્ચેતન દેહમાં આવા અનેક ઉત્તમ ગુણો રૂપી પ્રાણ પૂર્યો છે.

રાજસિંહાસન, રાજમુગટ અને રાજમહેલ વિના અધિકારો હોવા છતા ખજુરીની ઝુંપડીમાં રહીને ખજુર અને પાણીના ભોજનથી દિવસો વિતાવી પોતાની અને પારકી રૈયત પર તેમના દિલો પર સાદાઈથી રાજ કરનાર જો કોઈ હોય તો ફક્ત ઇસ્લામના મહાન પયગમ્બર સિવાય બીજા કોઈનું પણ નામ લઈ શકાય તેમ નથી. પ્રાચીન કે અર્વાચીન યુગમાં આ ધરતી ઉપર એવો કોઈ હાકેમ (રાજકર્તા) આજ સુધી થયો નથી જે હજારો દુશ્મનો વચ્ચે અંગરક્ષક એટલે બોડીગાર્ડ વિના રાજ દરબારના દોર દમામ વિના રાજસત્તાના નક્કર સ્તંભ ઉભા કરી શકે ? પયગમ્બરે ઇસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલલ્લાહો અલયહે વ સલ્લમ) એક સાચી લોકશાહીની સ્થાપના કરી અને માનવતાની જ્યોતને ઝળહળતી રાખવા કાજે તમામ કુરબાનીઓ બેધડક આપી. એટલે જ તો આ મઝહબ તેની તમામ ચમક-દમક સાથે હજુ પણ જીવંત છે અને ઇન્શાઅલ્લાહ કેયામતની સવાર સુધી જીવંત રહેશે. કારણ કે ઈસ્લામ માનવીની ભલાઈ ચાહનાર મઝહબ છે.

ફક્ત મુસ્લિમો જ નહિ, જગતના તમામ પ્રાણીઓ અને ખાસ કરીને માનવીને હૈયાથી લગાડનાર ઇસ્લામના તે મહાન પયગમ્બર સાહેબની ઉદારતા અને દરિયા દિલીના ગુણગાન તેમના કટ્ટર દુશ્મનોને પણ કર્યા વિના છુટકો થયો નથી. એક મુસ્લિમ તો એમના વખાણ કરે તે માનવા જોગ છે. પણ ગેર મુસ્લિમ જે ઇસ્લામ ધર્મ પાળતો નથી તેની કલમ પણ ઇસ્લામી ભાવના અને વિશ્વપ્રેમનો એકરાર કરે

છે તે ઇસ્લામનું મોટુ જમા પાસુ છે. પંજાબના ઈસાઈ ધર્મના આગેવાન દિવાન બહાદુર એસ. પી. સિંહા (એમ.એલ.એ.) ઇસ્લામના વિશ્વપ્રેમ અને બંધુત્વભાવના વિષે મુક્તકંઠે ગુણગાન કરતા કહે છે કે "ઇસ્લામના મહાન પયગમ્બર મહાન રાજનિતિજ્ઞ અને અતિ સફળ નેતા હતા. કુરઆન ઈસા મસીહ (જીસસ ક્રાઇસ્ટ) માટે ઉંચુ કથન કહે છે. એટલે એક ખ્રિસ્તી તરીકે ઇસ્લામના એ મહાન પયગમ્બરને માન આપવા હું બંધાયેલો છું. ખ્રિસ્તીઓના એક પ્રતિનિધિ મંડળે (ડેપ્યુટેશને) પાક પયગમ્બરની મુલાકાત લીધી ત્યારે આપે તેઓની બંદગી માટે પોતાની મસ્જિદમા જગા આપી હતી. મુસ્લિમ ખલીફાઓના વખતમાં દેવળો (ચર્ચ)ને સંપૂર્ણ રક્ષણ અપાયું હતું પયગમ્બરોની ઉદારતાનો આ દાખલો જગતમાં ચમત્કાર સર્જી શકે છે.

ઇસ્લામી દૃષ્ટિકોણ વિશ્વપ્રેમ અને બંધુત્વ માટે પાયા સમાન છે તેનો એકરાર કરતા મી. હોમી જે. રૂસ્તમજી (બાર એટલો) લખે છે કે, "ઇસ્લામના મહાન પયગમ્બર એકલાજ એક એવી હસ્તી હતા. જેમણે ઉંચા અને નીચા વચ્ચેનો ભેદ દૂર કર્યો હતો અને માનવ સમાનતાનો પાઠ શિખવ્યો હતો. આપ દરેક પ્રકારના માનવી માટે માર્ગદર્શક હતા."

ઇસ્લામ ભાઇચારો, એકતા અને સંપ-સુલેહને વરેલો મઝહબ છે. નમાઝ જેવી ઉત્તમ ઇબાદત (બંદગી) માટે દરેક

મુસ્લિમને જમાઅત સાથે (સમૂહમાં) નમાઝ પઢવાનો હુકમ આપે છે. (એકલા નમાઝ પઢવા કરતા જમાઅત સાથે નમાઝ પઢવાનો સવાબ સત્તાવીસ ઘણો વધારે મળે છે.) જમાઅતમાં (સમૂહમા) કોઈપણ જાતનો ભેદભાવ હોતો નથી. ઉંચ કે નીચ, અમીર કે ગરીબ, શેઠ કે નોકર; બાપ કે દિકરો, બાદશાહ કે ગુલામ, બધાજ એક સરખા છે. એક સફમા (લાઈનમાં) ઉભા રહી એકસાથે ખુદાને સજદો કરે છે. કોઈ પણ જાતના ભેદભાવ વિના ખભાથી ખભો મિલાવી ખુદાના દરબારમાં બધા સરખા છે તેવી તાઅલીમ ઈસ્લામ નમાઝમાં આપે છે. આ દ્રશ્યને મહાકવિ ડો. ઈકબાલ પોતાની શાયરીમાં આ રીતે રજૂ કરે છે.

**'એકહી સફમે ખડે હો ગયે મહેમુદો અયાઝ**
**ન કોઈ બંદા રહા, ન કોઈ બંદા નવાઝ'**

જ્યારે નમાઝનો એટલે ખુદા સમક્ષ બંદગી માટે હાજરી આપવાનો ટાઈમ થતો ત્યારે મહાન વિજેતા મહેમુદ ગઝનવી અને તેમનો અદના ગુલામ અયાઝ પણ એકજ સફમાં ખભાથી ખભો મિલાવી ઉભા થઈ ગયા. કોઈપણ જાતનો ભેદભાવ ના રહ્યો. મતલબ કે ઇસ્લામ એકતા અને ખુદાના દરબારમાં બધા સરખા છે. તેવી ઉન્નત ભાવના કેળવનાર મહાન મઝહબ છે. ઈસ્લામનો દ્દષ્ટિકોણ–વિશ્વપ્રેમ અને બંધુત્વભાવના માટે આવા ઉત્તમ નમુના રજુ કરે છે તે શું ઓછા છે ?

ભારતના રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણ "ઈસ્ટ એન્ડ વેસ્ટ રીલીજીયન"માં લખે છે કે "આપણે એ વાતનો ઇન્કાર કરી શકીએ નહી કે ઇસ્લામી ભાઇચારો જાતી અને પ્રજાના બધા અવરોધો વટાવી જાય છે. આ લાક્ષણીકતા બીજા ધર્મમાં ઓછી જણાય છે."

મશહુર યુરોપીયન લેખક ટી.ડબલ્યુ આર્નોલ્ડનું કથન છે કે "હજ્જ ટાણે તમામ વિશ્વના બધાજ દેશોના વિવિધ ભાષાઓ બોલતા ઈમાનવાળાંઓનું આંતરરાષ્ટ્રીય વાર્ષિક સંમેલન ઇસ્લામ બોલાવે છે જેથી તેઓ એ જગ્યાએ એકત્ર થાય જેના તરફ મોં કરીને દૂર દેશાવરમાં પણ દર બે ત્રણ કલાકે મોત પોતાના ઘરોમાં અંગત રીતે મુસલમાનો નમાઝ પઢે છે. ઈમાની એકતા અને ભાઈચારાનો આથી ઉમદા ખ્યાલ કોના દિમાગમાં આવી શકે તેમ છે? સામુહિક ઈબાદતનો આ સર્વોચ્ચ અમલ છે. જેમાં આફ્રીકાના પશ્ચિમી કાંઠે રહેતો હબસી (નિગ્રો) દૂર પૂર્વના ચાઈનામેનને ભેટે છે. સભ્ય અને સુશિક્ષિત તુર્ક મલાયન સમુદ્રના સૌથી છેટે રહેતા દ્વિપવાસીને પોતાનો દિની ભાઈ ગણે છે. બરાબર એજ ઘડીએ આખાય જગતમાં વસતા મોમીનના મનમા પોતાના ભાગ્યવાન ભાઇઓની હમદર્દી ઉભરાય છે. જે પવિત્ર શહેર મક્કામાં ભેગા થાય છે, આવુ તે વેળા બને છે. જ્યારે દુનિયાભરના મુસ્લિમો પોત પોતાના ઘેર ઇદુલ અઝહાની ઉજવણી કરે છે.

સારાંશ કે ઇસ્લામ વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વ ભાવનાનો જન્મદાતા છે તેને પુરવાર કરવા માટે ઇસ્લામ ધર્મ નહી પાળનારા એટલે વિધર્મીઓ પણ તેની એકતાનો એકરાર કરે છે એજ તો એની સચ્ચાઇના ગવાહ છે. ઇસ્લામી એકતા અને સંપ સુલેહની જોડ શોધવા માટે નીકળીએ તો પૃથ્વીની પ્રદક્ષિણા (તવાફ) કરીને આપણે ત્યાંજ આવીને ઉભા રહીશું જ્યાંથી આપણે નિકળ્યા હતા અને ત્યાં ઇસ્લામજ હશે.

અહિયા જે અવતરણો રજૂ કર્યાં છે તે ઘણા જૂના છે. આપણા ભવ્ય ભૂતકાળની સંપ-સુલેહની સોનેરી કહાની છે. પરંતુ વર્તમાન કાળ જુદોજ વળાક લઈ રહ્યો છે. આપણી એકતાને તોડવા જાતજાતની તરકીબો ઇસ્લામના દુશ્મનો તરફથી થઈ રહી છે. આ શયતાની ચાલને વિશ્વના તમામ મુસ્લિમો સમજે અને અંદરોઅંદરની લડાઈ બંધ કરી એકજ પ્લેટફોર્મ પર આવવાનો સમય પાકી ગયો છે. જેમ ભૂતકાળમાં આપણે એક હતા તેમ આજે પણ એક અને નેક બનવાની કોશીશ કરીએ. ઇન્શાઅલ્લાહ ફતેહ આપણી જ છે. ઇસ્લામ એટલે એકતા અને એક મુસ્લિમ બીજા મુસ્લિમનો ભાઈ છે તે સંદેશ ઘેર ઘેર ગાજતો કરીએ.

**'યહી મકસુદે ફીતરત હૈ, યહી રમ્ઝે મુસલમાની;**
**અખુવ્વત કી જહાંગીરી, મહોબ્બત કી ફરાવાની.'**

આપણે આપણો ભવ્ય ઇતિહાસ જોયો, તેમાં રહેલી આપણી એકતા અને બંધુત્વભાવનાના કારણે અલ્લાહ તરફથી

કુદરતી ગેબી મદદ અને દુનિયાના દરેક ક્ષેત્રે મુસ્લિમની બોલબાલા જોઈ મુસલમાનને દુનિયાનો હાકેમ જોયો, મહાન સેનાપતિ જોયો, વિદ્વાન આલીમ જોયો, ઈમાનદાર વહેપારી જોયો, નેક મુત્તકી પરહેઝગાર સુફી જોયો. આ તમામ બાબતોમાં અલ્લાહ અને તેના રસુલની ફરમાબરદારી જ વિજયનું મૂળ કારણ જણાયું. જ્યાં સુધી અમો કુરઆન અને સુન્નત પર કાયમ રહ્યા દુનિયા અમોને ઝુકતી રહી. ઈજ્જત, દૌલત અને હુકુમત અમારા પગ ચુમતી રહી. જ્યારે અમારા હાથથી દામને કુરઆન અને સુન્નતે રસૂલ છુટી ગઈ તો જિલ્લત અને તબાહી, ગરીબી અને મોહતાજી, ગુલામી અને શરમીંદી અમારા માથે આવી ચઢી.

**ચોહ ઝમાનેમેં મોઅઝીઝ થે મુસલમાં હો કર,**
**હમ ખ્વાર હુએ તારીકે કુરઆં હો કર.**

આજનો મુસલમાન જોશમાં તરત આવી જાય છે તે બરાબર નથી. કારણ કે જોશ તે આરઝી (હંગામી) હોય છે. ખરેખર કૌમને હોશમાં આવવાની જરૂર છે. હોશમાં જ માણસને અસલ હકીકતનું ભાન થાય છે. જોશમાં નારો લગાવે છે કે ગૌસકા દામન નહીં છોડેંગે ! ખ્વાજા કા દામન નહીં છોડેંગે પણ એજ નારો લગાવનાર હોશમાં આવીને પોતાની જાતની તપાસ કરે અને દામને ગૌસ કે દામને ખ્વાજાને જુએ તો પોતે તેનાથી હજારો માઈલ દૂર દેખાય છે. માટે જોશમાં શું બોલે છે ? શું કરે છે તેને તેનું ભાન

હોતું નથી. હોશમાં આવી દરેક મુસલમાને પ્રથમ પોતાની જાતની ઓળખ (તપાસ–તલાસ) કરવાની જરૂર છે. જ્યાં સુધી ખુદને (પોતાને) નહીં ઓળખે ત્યાં સુધી તે અલ્લાહને હરગીઝ ઓળખી શકવાનો નથી કારણ કે ફરમાને નબવી છે કે **'મન અરફ નફસહુ ફકદઅરફ રબ્બહુ'** (જેણે પોતાની જાતની પરખ કરી તેણેજ ખુદાની પરખ કરી) જે ખુદને નથી ઓળખી શક્યો તે ખુદાને શું ઓળખવાનો છે? જ્યારે મુસલમાન પોતાની હૈસીયતને સમજી શકશે તોજ તેનામા એકતા, ભાતૃભાવ અને મિલનસારી પૈદા થશે અને આ ત્રણે બાબતે અમારામાં જાગૃતી આવી ગઈ તો દરેક કદમ સફળતાની સીડી પર જ ચાલી રહ્યા છે તેમ નક્કર માનવું. કામિયાબી સામે નજર આવશે. ફતેહના ડંકા વાગશે પણ જો વિખરાયેલા રહ્યા તો ગમે તેવા સમજદાર કે ડાહ્યા હશું, શક્તિવાળા કે વગવાળા હશું પણ કોઈજ પરિણામ સારૂં નહીં લાવી શકાય. શાયર કહે છે :

**'એક હો જાયે તો બન શકતે હૈ ખુરશીદે મુબીં,**
**વરના ઈન બિખરે હુએ તારોંસે કયા કામ બને ?**

અમીરૂલ મોમેનીન હઝરત ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો)નું ફરમાન છે કે: **'જમાઅત વગર ઈસ્લામ નથી, નેતૃત્વ વગર જમાઅત નથી, અનુસરણ વગર નેતૃત્વ નથી.'** આપણા મહાન ખલીફા અને મહાન અમીરના મુબારક શબ્દોનું મનન કરીએ. જમાઅત (સંગઠન) વિના

ઈસ્લામ નથી અને સંગઠન નેતૃત્વ વિના અશક્ય છે અને નેતૃત્વમાં અનુસરણ મુખ્ય વસ્તુ છે. કહેવાનો ભાવાર્થ એ છે કે ઈસ્લામને જિંદા રાખવા માટે મુસલમાનો ! અલ્લાહ અને તેના રસુલની ફરમાબરદારી કરવીજ પડશે. ફરમાબરદારી કરવા માટે પોતાના ઈમામ (શયખ-પીર)ના નેતૃત્વને માન આપવું જ પડશે. તો જ સંગઠન બરાબર કાયમ રહેશે.

ડરપોક કે બિકણવૃતિના માણસો કોઈ પ્રગતિ કરી શકતા નથી. સમાજમાં વ્યાપક બનેલા સડાને દૂર કરવો એક વ્યક્તિનું કામ નથી. તેના માટે એકતા સાધવી જરૂરી છે. તેમ કરવામાં પણ કાયરતા બતાવે છે અને કહેતા ફરે છે કે ભાઈ હાથની પાંચ આંગળીઓ સરખી નથી. પરન્તુ એવા કાયર વચનો બોલનારા હાથની પાંચ આંગળીઓથી બોધ લે કે **ખાતી વખતે પાંચે આંગળીઓ ભેગી થઈ જાય છે એ કદી પણ ના ભુલવું જોઈએ.** પુરી કૌમના ફાયદા માટે દરેક મુસલમાને એક પ્લેટફોર્મ પર આવ્યા સિવાય છુટકો નથી.

સમાજમાં ઘુસી ગયેલા કુરિવાજોને દૂર કરવા એક વ્યક્તિ અશક્ત છે પણ સમાજ (જમાઅત) ભેગી થઈને નિર્ણય કરે તો ગમે તેવા કુરિવાજો દૂર થઈ શકે છે. સુન્નતે રસુલ સજીવ થાય છે. હાલમા અપનાવેલ સમુહલગ્ન (જમાશાહી) અભિગમ ખરેખર પ્રસંશનિય છે. આવા કામોમાં જમાઅતનું સંગઠન મઝબુત બને છે. કૌમ ખોટાખર્ચાઓથી

બચે છે. કુરિવાજો આપોઆપ દૂર થાય છે. સુન્નતે રસુલ પર અમલ કરવાની તક સાંપડે છે જેથી અલ્લાહ અને તેના રસુલ રાજી થાય છે.

મીત્ર દરેક ઈમાની રિશ્તેદારોને મુઝ નાચીઝની નમ્ર અપીલ છે કે આવા કાર્યક્રમો (સમુહલગ્ન જેવા)ને અપનાવો. ઉલ્માએ કિરામની સલાહ–મશવેરાથી કામ લો. ઈન્શાઅલ્લાહ જરૂર કૌમમાં એકતા–સંપ સાધી શકાશે. કૌમને ફુઝુલ ખર્ચીમાંથી બચાવી શકાશે.

બારગાહે ઈલાહીમાં દુઆ છે કે રબ્બુલ આલમીન તેના પ્યારા હબીબ રહમતુલલીલ આલમીન [સલ્લલાહો અલયહે વ સલ્લમ]ના સદકા અને તુફૈલમાં અમારા દિલોમાં આપણા દીનીભાઈઓ પ્રત્યે અપાર મહોબ્બત પૈદા કરે. ભાઈચારો અને એકતા કાયમ કરવા એક અને નેક બનવા તૌફીક અતા કરે. આમીન.

**બર્ગે હિનાપે લીખદી મૈને દર્દે દિલકી બાત,**
**સાયદ કે રફ્તા રફ્તા લગે દિલરૂબા કે હાથ.**

[સમાપ્ત]

## ★ વ્યથા ★

વિખરાયેલા સમાજની પંગત સુધારીએ,
સંકલ્પ કરીને આપણી આદત સુધારીએ;
ખોટી બધી ટેવો ત્યજી સંગત સુધારીએ,
બીજાની શી જરૂર ! અંગત સુધારીએ.
**ભેગા મળીને કૌમની હાલત સુધારીએ.**

વિખરાયેલા રહેશો તો કદી બળ નહીં મળે,
કોણે કર્યો પ્રહાર એ અટકળ નહીં મળે;
એવીતો ખાશો માર કે કદી કળ નહીં વળે,
તમને વિચારવાની કદી પળ નહીં મળે.
વહેવાર આપણા હવે અંગત સુધારીએ,
**ભેગા મળીને કૌમની હાલત સુધારીએ.**

ઇસ્લામ ધર્મ માથે લો આવી પડી છે ઘાત,
સાંભળશે કોણ કાન દઈ મુસ્લિમોની વાત;
વિખરાઈ ગઈ અમારી હતી સંગઠીત જમાત,
કરતાં રહીશું ક્યાં લગી આંખોથી અશ્રુપાત;
પંગતમાં બેસી આપણી સંગત સુધારીએ,
**ભેગા મળીને કૌમની હાલત સુધારીએ.**

પ્રસંગો પોક મુકે છે મસ્જિદ ઉદાસ છે,
દારૂ-જુગારખાના અમારા નિવાસ છે;
મંઝિલ છે દૂર આપણી તુટેલા શ્વાસ છે,
ને મૌતના ફિરિશ્તા બધે આસપાસ છે;
ખોટી કુટેવ હવે લત સુધારીએ,
**ભેગા મળીને કૌમની હાલત સુધારીએ.**

જંગે બદરની વાતને તાજી કરો હવે,
હાલત ખરાબ થઈ ગઈ સાજી કરો હવે;
મઝહબના બાળકોને નમાઝી કરો હવે,
અલ્લાહ અને રસુલને રાજી કરો હવે;
**ભેગા મળીને કૌમની હાલત સુધારીએ.**

"આજીઝ" સજાગ થાઓ ઘણીએ મઝા કરી,
તમને સમયની સોટીએ કેવી સજા કરી;
ભુલી ગયા ખુદાને નમાઝો કઝા કરી,
નિઃસહાય થઈ ગયા તો તમે ઈલ્તેજા કરી;
ઊણપ રહી ગઈ છે ઈબાદત સુધારીએ.
**ભેગા મળીને કૌમની હાલત સુધારીએ.**

(-મુખ્તાર આજીઝ યમની)

---

સુપર ડીલક્ષ પ્રિન્ટર્સ : ૧. રામનાથપરા-રાજકોટ.